**:: ફો.કે. નંબર ૨૫૬૭૯/૨૦૨૫ થી ૨૫૯૦૮/૨૦૨૫ તથા ૨૫૯૭૭/૨૦૨૫ થી ૨૮૯૬૮/૨૦૨૫ તથા ૨૯૦૪૭/૨૦૨૫ થી ૩૧૨૦૩/૨૦૨૫ તથા ૩૧૩૮૮/૨૦૨૫ થી ૩૩૧૮૯/૨૦૨૫ એમ કુલ ૭૧૮૧ એન.સી. કેસો ના આંક –૧ નીચે સંયુકત હુકમ ::**

ટ્રાફીક શાખા દ્વારા કાઢવામાં આવેલ ઇ મેમો છ માસમાં ન ભરાતા, તે ઇ–મેમો એન. સી. સાથે અત્રેની કોર્ટને મોકલવામાં આવેલ છે. સદર એન.સી.ઓ અત્રેની કોર્ટમાં પેન્ડીંગ છે. જે પૈકી ઉપરોકત કેસ નંબર મુજબના આરોપીઓ વિવિધ કારણોસર મળી આવેલ ન હોય તે અંગેના શેરા સાથેની કામગીરીઓ પરત આવેલ છે. તેમજ અત્રેની કોર્ટ દ્વારા અગાઉ પણ અવાર નવાર એન સી બાબતે સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ છે તેમજ એન સી બાબતે સમન્સ બજાવવા બાબતે પુરતી તક આપેલ હોવા છતા ટ્રાફીક શાખા દ્વારા સમન્સની અસરકારક બજવણી કરેલ નથી તેમજ આ અગાઉ પણ ટ્રાફીક શાખાને એન સી ની અસરકારક બજવણી કરવા સુચના આપેલ હોવા છતા એન સી ની અસરકારક બજવણી કરેલ નથી તેમજ એન સી ના સમન્સ વગર બજે યાંત્રીક શેરા કરી પરત કરેલ છે. જેથી ન્યાયના હિતમાં ભવિષ્યમાં જો આરોપી મળી આવે તો એન.સી. ફરી દાખલ કરવાની શરતે હાલની એન.સી. દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા.૧૨/૦૭/૨૦૨૫ ના રોજ સ્પે. સિટિંગમાં જાહેર કર્યો.

સ્થળ : રાજકોટ
તારીખ:૧૨/૦૭/૨૦૨૫

**(એલ.એ. ખંડેલવાલ)**
જયુ.મેજી.ફ.ક.
ટ્રાફીક કોર્ટ, રાજકોટ
જજ કોડ જીજે ૦૧૬૧૦